# મોડાસા રવિકૃષિ મહોત્સવનો અરવલ્લી જિલ્લા કોંગ્રેસ કાળા વાવટા દ્વારા વિરોધ

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાના






મુખ્યમથક મોડાસા શહેરના નવા માર્કેટ યાર્ડના ગુજરાત રાજય સરકાર દ્વનારા ખેડૂતોને રવિપાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગેનું માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુસર યોજાયેલા રવિકૃષિ મહોત્સવમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કાળા વાવટા બેનરો પ્રદર્શિત કરવી વિરોધ દર્શાવતા થોડો સમય માહોલ ગરમાયો હતો. અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૩૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

મોડાસા શહેરના કૉલેજ રોડ પર આવેલા નવીન માર્કેટયાર્ડના મેદાનમાં ગુરુવારે સવારે ૯ કલાકે ગુજરાત સરકાર દ્વારા રાજયના ખેડૂતોને આધુનિક ખેતી માટે માર્ગદર્શન મળી રહે તેવી આશયથી રવિકૃષિ મેળાનું આયોજન કરાયું હતું. જેમાં કૃષિ સેમિનાર, પ્રદર્શન વ. નિર્દશન તથા ખેડૂત શિબિરનું આયોજન ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ આશિષકુમાર દવેના અધ્યક્ષ પદે યોજાયો હતો. જેમાં સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ ભરતસિંહ સોલંકી, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ સહિત ભાજપના કાર્યકરો અને ખેડૂત મિત્ર હાજર રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમીતી દ્વારા ગુરુરે યોજાયેલ રવિ કૃષિ મહોત્સવમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની આગેવાની હેઠળ ૧૦૦થી વધુ કોંગ્રેસ અગ્રણીઓ અને સદસ્યો દ્વારા કાળા વાવટા દર્શાવી, બેનરો પ્રદર્શિત કરી વિરોધ કરતા જીલ્લા પોલીસતંત્ર દ્વારા માર્કેટ યાર્ડના દરવાજા બંધ કરી અરવલ્લી જીલ્લાના કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ બાપુ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પ્રદેશ કોંગ્રેસ મંત્રી વનરાજસિંહ રાઠોડ, અરુણ પટેલ મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, જીગર મહેતા, હુસેનભાઈ ખાલક, કાદર અલી સૈયદ અમીન મકવાણા, તાલુકા પ્રમુખ સોમસિંહ પરમાર સહિતના અગ્રણીઓની અટકાયત કરી હતી.

## મહેસાણાના પાટીદાર સ્વ. મયુર પટેલના બેસણામાં મંત્રી નીતીન પટેલનો જોરદાર વિરોધ

મહેસાણા, તા.૩૧

લગભગ ચાર માસ પૂર્વે પાટીદાર અનામત આંદોલન દરમિયાન મહેસાણા શહેરમાં પણ આંદોલન વખતે પોલીસ ગોળીબારમાં ગંભીર રીતે ઘવાયેલ મૂળ મોઢેરા ગામના અને હાલમાં મહેસાણા ખાતે ગૌતમનગર સોસાયટીમાં રહેતા મયુર નટવરલાલ પટેલ નામના આશાસ્પદ યુવાનનું અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

સદ્ગતનું આજે મહેસાણાના મોઢેરા રોડ પર આવેલ ટહુકો પાર્ટી પ્લોટમાં બેસણું રાખવામાં આવ્યું હતું. જેમાં ઘણી મોટી સંખ્યામાં પાટીદારો એ ઉપસ્થિત રહી સદ્ગતને શ્રદ્ધાંજલી અર્પી હતી.

દરમિયાન આજે સ્વ. મયુર પટેલના બેસણાના સ્થળ આગળ રાજયના આરોગ્યપ્રધાન નીતિનભાઈ પટેલ તેમજ મહેસાણા જીઆઈડીસી એસોશિયેશનના એક હોદ્દેદાર મંગલદાસ પટેલનો પાટીદારોએ સખ્ત વિરોધ કર્યો હતો. જેથી તેઓએ સ્થળ છોડવાની ફરજ પડી હતી. કહે છે કે એક તબક્કે ઉશ્કેરાયેલ પાટીદારોના ટોળાએ મંગળદાસ પટેલ સાથે અશોભનીય વર્તન પણ કર્યું હતું. આ ઉપરાંત કેટલાક મીડિયા કર્મીઓ સાથે પણ અસભ્ય વર્તાવ કરતાં ભારે હોબાળો મચી ગયો હતો.



અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના પટ્ટાંગણમાં રૂા.૪ લાખના ખર્ચે પક્ષીઓ માટે બનાવેલ ચબુતરા ઘરનો વડીયાવીર ગામના મહંત પરમ પુજ્ય સંત શીરોમણી શાંતિગીરીજી મહારાજના વરદ્ હસ્તે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, વા.ચેરમેન તુલસીભાઈ રાવલ, રાજેન્દ્રસિંહ ભાટી, નટવરસિંહ રાઠોડ, ગોપાલસિંહ સિસોદીયા, રઘજીભાઈ પટેલ, શાંમળભાઈ પટેલ, મુકેશભાઈ ત્રિવેદી, ગલબાભાઈ પ્રજાપતી, કુમુદચંદ્ર શાહ, રઝાકભાઈ મનસુરી, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, કાંતીલાલ પંચાલ, અરવિંદભાઈ પંચાલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજમાં વીજતંત્રના દરોડા, ૩.૫૪ લાખની વીજચોરી ઝડપાઈ

ઈસરી, તા.૩૧

મેઘરજ તાલુકામાં આજે વહેલી સવારે હિંમતનગર સર્કલની ૨૬ ટીમોએ તાલુકાના જુદા જુદા ગામડાઓમાં દરોડા પાડ્યા હતા. જેમા ંતાલુકાના બેલ્યા, છીકારી, વાઘપુર, ભાટકોટા, મોટી મોયડી, ઢેમડા, ગોધાવાડા, વાવકંપા ફીડરોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. વીજતંત્ર દ્વારા ઓચિંતી રેડ પાડતાં તાલુકાના વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સવાર-સવારમાં વીજતંત્ર દ્વારા હાથ ધરાયેલ સરપ્રાઈઝ ચેકીંગમાં તાલુકામાંથી ઘર વપરાશના ૩૫ અને અજીના ૨ મળી કુલ ૩૭ વીજ કનેક્શનો વીજચોરી કરતાં ધઝપાયા હતા. વીજતંત્રની ટીમો દ્વારા પડાયેલા દરોડાથી તાલુકામાંથી ૩ લાખ ૫૪ હજારની વીજચોરી ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

## ઉંચીધનાલમાં નવા બનાવેલ રોડ પર જે.સી.બી.લાગ્યું

ખેડબ્રહ્મા, તા.૩૧

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામના આર.સી.સી. રોડનું કામ હલકી કક્ષાનું કરાયું



હોવાની ગામમાં બૂમ ઉઠવા પામી હતી. જેથી પંચાયત દ્વારા નવો બનાવેલ રોડ જેસીબીથી તોડી નાખવામાં આવ્યો છે. અને હવે પ્લાન એસ્ટીમેન્ટ અને એગ્રીમેન્ટ મુજબ નવો બનાવવામાં આવશે જેથી ગામ લોકોમાં ખુશી પ્રસરી જવા પામી છે.

ઉંચીધનાલ ગામમાં હરીજન વાસ-ઠાકરડા વાસ તથા દેવાભાઈ પટેલના ઘરથી હરસુખભાઈ લીલાધર પટેલના ઘર સુધીના આર.સી.સી. રોડ થોડા સમય પહેલાં જ બનાવવામાં આવ્યો હતો. પણ ગુણવત્તા વગરના આ રોડ તૂટી ગયા હતા. તેથી રહીશોમાં રોષ ફેલાયો હતો આ અંગે દિવ્ય ભાસ્કરમાં ૨૨ ડિસે. સમાચાર છપાતાં પંચાયતના સંચાલકો હરકતમાં આવી દોડતા થયા હતા. અને આ હલકી કક્ષાના રોડ ઉપર બુધવારે જેસીબી લગાવી રોડ તોડવાની શરુઆત કરી હતી. જેથી ગામ લોકોમાં ખુશી પ્રસરી જવા પામી હતી.

આ અંગે પંચાયતના સરપંચ ચુનાભાઈ ગમાર તથા ડે. સરપંચ કેતનભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગામમાં જે આર.સી.સી. રોડ નવા બનાવ્ય છે પણ તૂટી ગયા છે તે રોડ એગ્રીમેન્ટ મુજબ નવા બનાવામાં આવશે.

## ભિલોડામાં મફત નિદાન અને સારવાર કેમ્પ યોજાશે

ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સ્વ.લક્ષ્મીબેન દિલીપભાઈ પરમાર, ફીમેલ હેલ્થ વર્કર, ગંભીરપુરાના ૫૧માં જન્મ દિવસ નિમિત્તે તેમની દિકરીઓ ડાૅ. વિશાલદેવ ડી.સાહેબ (B.A.M.S.) આયુર્વેદ અને યોગ વિશેષજ્ઞ, કુ.શૈલદેવ ડી.સાહેબ સૌદર્ય અને યોગ લક્ષદિપ હેલ્થ કેર ધ્વારા માતૃતર્પણ કરવા મફત નિદાન અને સારવાર કેમ્પનું તા.૧/૧/૨૦૧૬ ને શુક્રવારના રોજ આયોજન કરેલ છે. સ્ત્રી રોગ,વ્યંધત્વ નિવારણ, કિડની ફેલર, હૃદયરોગ, ડાયાબીટીસ, મસા, વા, સાંધાના દુખાવો, સ્ત્રી સૌદર્ય, મોટાપો તથા તમામ હઠીલા રોગોની સારવારનો નિઃશુલ્ક લાભ લેવા લક્ષદિપ હેલ્થ કેર, આઈ.ટી.આઈ.સામે ભિલોડા અનુરોધ કરાયો હતો.

## શ્રદ્ધાંજલિની જાહેરાતના બદલે સેવાકાર્યમાં નાણાં વાપરો

પાલનપુર, તા.૩૧

સમાજમાં વિભિન્ન પ્રકારનાં લોકો વસતા હોય છે. પરંતુ રતીભર લોકો જ જનસેવા નાં કામો કરતા હોય છે. જોકે જનસેવાના માર્ગો અનેક છે. પરંતુ પાલનપુરના મુકેશભાઈ મોદી જનસેવાનો એક જુદો જ માર્ગ બતાવા રહ્યા છે. બનાસકાંઠા જીલ્લા પોલીસ માં ફરજ બજાવતા અને પાલનપુર શહેરમાં વસતા મુકેશ ભાઈ મોદીના ધર્મ પત્ની સ્વ. સુનીતા બેન એમ.મોદી નું તારીખ ૨૯.૧૨.૨૦૧૦ના રોજ દુખદ અવસાન થયું હતું.

જેને લઈને તેઓ છેલ્લા પાંચ વર્ષ થી તેઓની સ્વ.ધર્મ પત્નીની પુણ્યતિથી ના દિવસે અખબાર માં જાહેર ખબર આપતા નથી. પણ કઈક સેવાનું કામ કરે છે. ત્યારે આજ રોજ બીજલ ફાઉન્ડેશનના પ્રમુખ ધવલ ભાઈ જોશી દ્વારા મુકેશ ભાઈ મોદી ના ધર્મ પત્ની સ્વ. સુનીતા બેન એમ.મોદી ની પુણ્યતિથી નિમિતે શહેરનાં હરીપુરા વિસ્તાર માં આવેલ ૪ આંગણવાડી અને હરીપુરા શાળાના બાળકોને પોષ્ટિક આહાર રૂપે તલની ચીકી ખવડાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૫૦ બાળકોને તલની ચીકી વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નાં મુખ્ય દાતા મુકેશ ભાઈ મોદી હતી.

પાલનપુર તાલુકા પંચાયત ન્યુટ્રીશન કૉડીનેટેડ સુરેખા બેન પંડ્યા અને એન.એચ.એમ. જયોસના બેન ભોળીયા પણ ઉપસ્તિત રહ્યા હતા. જો કે આ કાર્યક્રમ વતી બીજલ ફાઉન્ડેશન પણ જીલ્લા વાસિયોને જાણવાનું કે તમે પણ તમારા સ્વજનની પુણ્યતિથી કે જન્મ દિનની ઉજવણી અખબારમાં જાહેરાત આપીને ના કરતા, પરંતુ તેની જગ્યાએ તે પૈસા આમ જનહીતના કર્યો પાછળ ખર્ચશો તો તે ઉજવણી માં અનેરો આનંદ આવશે.

## મેઘરજ નગર ખાતે સરકારી ગેસ્ટ હાઉસ તરફ જવાના માર્ગને નવીનીકરણ કરવા મામલતદારને આવેદનપત્ર અપાયુ

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લા મેઘરજ નગરના નાગરિક સહકારી બેંકની ઉત્તર



દિશા તરફ સરકારી ગેસ્ટ હાઉસ તરફ જવાનો મુખ્ય માર્ગ આવેલો છે તે ઘણા સમયથી તૂટી ગયો છે. પરંતુ તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી અને આનો પરિણામે આ રસ્તા પર વારંવાર અકસ્માતો સર્જાય છે. આ રસ્તાની બાજુમાં ગટરનું પાણી પણ ઉભરાતું હોવાથી ગંદકી ફેલાય છે. જેના કારણે રોગચાળો ફેલાવવાની પણ સંભાવના છે. આ રસ્તાની સમસ્યાના કારણે મેઘરજ નગરની આમ જમતા ત્રાહિમાન પોકારી ઊઠી છે.

મેગરજ નગરમાં છેલ્લા



કેટલાય સમયથી ગટર લાઈનનું કામ ચાલે છે. આના કારણે મેઘરજમાં ટ્રાફિક પણ ખુબ થાય છે. આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા મેઘરજ પ્રા.શાળાના આચાર્ય દ્વાર અને આ સમસ્યાથી વ્યથિત બનેલા મેઘરજ નગરના લોકો દ્વારા આ રસ્તાનું ઝડપથી નવીનીકરણ કરવા ન છુટકે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને માગણી કરી હતી કે આ સમસ્યાનું ઝડપથી નિકારણ ન લાવવામાં આવે તો મેઘરજ નગરના લોકોએ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

## મહેસાણા જિલ્લામાં રવિ મહોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા.૩૧

મહેસાણા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઇ પટેલે કરાવ્યો હતો. મહેસાણા તાલુકાનો રવિ કૃષિ




મહોત્સવ દુધ સાગર ડેરીના હોલ ખાતે યોજાયો હતો. રવિ કૃષિ મહોત્સવમાં ખેડુતોને વિવિધ પાકોનું સમજણ તેમજ આધુનિક ખેતી પ્રધ્ધતિ સહિત ડ્રીપ ઈરીગેશન માટે વૈજ્ઞાનિકો દ્વારા સમજણ આપવામાં આવી હતી.મહેસાણા તાલુકામાં વિવિધ યોજના હેઠળ લાભાર્થી ખેડુતોને ચેકોનું વિતરણ કરાયુંહતું. ખેતીવાડી,બાગાયત અને પશુપાલન વિભાગના ૧૩૪ ખેડુતોને ૩૮ લાખ જેટલી સાધન સહાય અને રોકડ સહાય મંત્રીશ્રીના હસ્તેઅપીત કરાઇ હતી

સરકારે આ વર્ષને કૃષિ વર્ષ તરીકે જાહેર કર્યું છે.મહેસાણા તાલુકાના ૨૯૯૭ લાભાર્થી ખેડુતોને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૭૫.૬૦ લાખની સહાય આપવામાં આવી છે.આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાના ૨૮૪ ખેડુતોને ટ્રેકટર સહાય પેટે ૧૪૧.૬૦ લાખની સહાય અપાઇ છે.મહેસાણા તાલુકાના રવિ કૃષિ મહોત્સવમાં વિવિધ પ્રદર્શનનું આયોજન કરાયું હતું.જેમાં ખેતીક્ષેત્રે ઉપયોગી વિવિધ સ્ટોલનું નિદર્શન કરાયું હતું.

રવિ કૃષિ મહોત્સવનો મહેસાણાથી પ્રારંભ કરાવતા આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં પાણીની અછત હોવાના કારણે ખેડુતોને ટપક સિંચાઇ પ્રધ્ધતિ અપનાવવા અનુંરોધ કર્યો હતો.રાજ્યમાં ૪૨ લાખ ખેડુત ખાતેદારો છે. ખેડુતોની સમૃધ્ધી વધે તે માટે રાજય સરકાર કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડુતોને પ્રેરીત કરી ખેડુતોની આવકમાં વધારો થયો છે.ખેડુતોને નાવિન્ય લાવી સુધારાલક્ષી અભિગમ અપનાવવા અનુંરોધ કર્યો હતો.

## અરવલ્લી કલેકટર કચેરી માર્ગનું નામ શ્રીરામ મત અપાયું

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરના બસ સ્ટેન્ડ લીઓ પોલીસ ચોકીથી લઈ મોડાસા આઈટીઆઈ સુધીના માર્ગને લોકો અવનવા જુદા જુદા નામે ઓળખતા હતા. પરંતુ હવે અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા અને નગરપાલિકા પ્રમુખ અને સદસ્યો દ્વારા આ માર્ગનું નામ શ્રીરામ મત માર્ગ તરીકે અર્પણ કરાયું હતું.

બસ સ્ટેન્ડ તરફથી આઈટીઆઈ તરફ જતા માર્ગને કલેકટર કચેરી માર્ગ, રામ પાર્ક રોડ, પંચજયોત રોડ, તેમજ અવનવા નામથી પોકારતા હતા ત્યારે આ માર્ગને મોડાસાના નવી નિમાયેલ નગરપાલિકાના મહિલા પ્રમુખ વનીતાબેન પટેલ તથા સુભાષભાઈ શાહ, આશિષભાઈ જયસ્વાલ, જયોત્સાનાબેન કડિયા તથા નગરપાલિકાના અન્ય સદસ્યો સાથે ગાયત્રી પરિવાર હરિદ્વારથી આવેલ કિર્તનભાઈ દેસાઈ, બાયડથી આવેલ મનહરભાઈ પટેલ, તથા ગાયત્રી પરિવારજનો અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એવા એસ.આર. પટેલ ના નામાકરણમાં હાજરી આપી અને દીપ પ્રાગટ્ય કરી ગાયત્રી પરિવારે સાલ ઓઢાડી, ફૂલછડીથી આવેલ મહેમાનોનું સ્વાગત કરી આ માર્ગને શ્રીરામ મત માર્ગ નામાંકિત શિલાન્યાસ કરી આ માર્ગનું નવું નામ આપ્યું હતું. સાથે ગાયત્રી પરિવારનાં કંસારા બંધુઓએ એવું જણાવ્યુ હતું કે આજથી આ માર્ગના રહેવાસીઓએ પોતાના સરનામામાં શ્રીરામ મત માર્ગ તરીકે લખવાનું ભૂલશો નહીં.

## મોડાસા અને માલપુરમાં રવિકૃષિ મહોત્સવ યોજાયો

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા ખાતે ત્રીજો રવિકૃષિ મહોત્સવને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોર અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિ. ના અધ્યક્ષ શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ દીપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે કુલ આશરે ૧૨ જેટલા ખેડૂતોને કુલ રૂપિયા ૪,૮૭,૭૭૨ના ચેકોનું વિતરણ કરતા અધ્યક્ષ નંદાજી ઠાકોરે જણાવ્યું હતું કે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સુકાન સંભાળ્યું ત્યારે ગુજરાતના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ કરવા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ મહોત્સવની ઉજવણી દ્વારા કરી તમામ વર્ગોને લાભ મળે તેવો પ્રયત્નો અને સંકલ્પ કર્યો હતો.

તેમના સંકલ્પને પરિપૂર્ણ કરવા તેમજ વધુ તેજ ગતિએ ગુજરાતનો વિકાસ થાય તે માટે ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અનેકવિધ પ્રયત્નો હાથ ધર્યા છે.